GJVD020720092024

ફોજદારી કેસ નં. ૬૨૮૮૮–૨૦૨૪

**આંક – ૪ લગત હુકમ**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :–** **નિલય મધુસુદન ઐનાપુર**

(૧) સાંભળ્યા, આરોપી તરફે વિ.વ. શ્રીને સાંભળ્યા. આ કામે આરોપી વિરુધ્ધ ધી બોમ્બે પ્રોહી. એક્ટ કલમ– ૬૬(૧)(બી), ૮૫ મુજબનાં ગુના સારૂ ત.ક.અ. શ્રી તરફથી ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આરોપી સામે ઉપરોકત કલમ અન્વયે સમન્સ કરતા આરોપીએ આજરોજ હાલની અરજી આપી બી.એન.એસ.એસ. – ૨૦૨૩ ની કલમ– ૨૬૨ અન્વયે ધી બોમ્બે પ્રોહી. એક્ટ કલમ –૬૬(૧)(બી), ૮૫ મુજબનાં ગુના સારૂ બિનતહોમત છોડી મુકવા રજુઆત કરેલ છે. બી.એન.એસ.એસ. – ૨૦૨૩ ની કલમ– ૨૬૨ વંચાણે લેવી જરૂરી છે.

**B.N.S.S.** – 2023 **SEC.** 262 :–

262. When accused shall be discharged : 262. (1) The accused may prefer an application for discharge within a period of sixty days from the date of supply of copies of documents under section 230. (2) If, upon considering the police report and the documents sent with it under section 193 and making such examination, if any, of the accused, either physically or through

audio–video electronic means, as the Magistrate thinks necessary and after giving the prosecution and the accused an opportunity of being heard, the Magistrate considers the charge against the accused to be groundless, he shall discharge the accused, and record his reasons for so doing.

(૨) આરોપી સામે ધી બોમ્બે પ્રોહી. એકટ કલમ – ૬૬(૧)(બી), ૮૫ મુજબનો સમન્સ કરવામાં આવેલ છે. જે કલમ અન્વયેની જોગવાઈ વંચાણે લેવામા આવે તો નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**કલમ – ૮૫ છાકટો બનવા બદલ અને શીસ્તહિત વર્તણુક બદલ શિક્ષા**

**(૧)** જો કોઈ વ્યક્તિ, જેમાં લોકોને આવ જા કરવાની છુટ હોય અથવા આવ–જા કરવા દેવામા આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલ હોય, અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકતિ સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દોવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય, તેને દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની પરંતુ એક વર્ષથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.

**(૨)** પેટા કલમ–૧ હેઠળના ગુના માટેની કાર્યવાહીમાં, વિરુધ્ધ સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે કે સદરહુ ગુનાનો જેના ઉપર આરોપ હોય તે વ્યક્તિ દવાના હેતુ માટે નહીં પણ કેફ ચઢાવવાના હેતુ માટે દારૂ પીધો છે અથવા બીજો કોઈ કેફી પદાર્થ લીધો છે.

**(૩)** કાયદાની ઉપરોકત જોગવાઈઓ મુજબ, હાલના કામે આરોપી સામે આ અદાલતમાં રજુ થયેલ ચાર્જશીટ તથા તે સાથે રજુ થયેલ ચાર્જશીટ તથા તે સાથે રજુ થયેલ તપાસના કાગળો વંચાણે લેતાં, આરોપી દારૂ પીધેલ હાલતમાં મળી આવેલ હોવાનું

જણાઈ આવે છે. પરંતુ સદર આરોપી આવો દારૂ પીધેલ હાલતમાં લોકોને આવ જા કરવાની છુટ હોય અથવા આવ જા કરવા દેવામાં આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલ હોય, અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યક્તિ સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દો વાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય, અથવા અશ્લિલ ચેનચાળા કરતો મળી આવેલ હોય તેવી હકીકત જણાઈ આવતી નથી, ત્યારે આરોપી તરફેની હાલની અરજી મંજુર થવા પાત્ર જણાઈ આવતી હોય, આ અરજી લગત નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

- આરોપી ની અરજી મંજુર કરવામાં આવે છે.
- આરોપીને બી.એન.એસ.એસ. – ૨૦૨૩ ની કલમ– ૨૬૨ અન્વયે ધી બોમ્બે પ્રોહી. એકટ કલમ– ૮૫ અન્વયે ડિસ્ચાર્જ કરી, બિન તહોમત છોડી મુકવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજનો નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૯/૨૦૨૪

સ્થળ :– વડોદરા.

**(બકુલકુમાર મણીલાલ રાજ)**

બીજા એડીશ્નલ સીવીલ જજ અને જયુડી. મેજી.ફ.ક.,

વડોદરા. જજ કોડ – જીજે ૦૧૪૬૨

GJVD020720092024

**મે. બીજા અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (બી.એમ.રાજ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ. વડોદરા.**

**ફોજદારી કેસ નં. ૬૨૮૮૮–૨૦૨૪**
**આંક – ૭**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :– નિલય મધુસુદન ઐનાપુર**

**ગુનો: પ્રોહી.એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ**

ફરિયાદી પક્ષના કેસની ટૂંકી વિગત નીચે મુજબની છે.

(૧) ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ પ્રોહી.એકટની કલમ–૬૬ (૧) બી, ના ગુના અંગેનુ ચાર્જશીટ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપી ને સમન્સ બજતાં તેઓ આજરોજ અત્રેની અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો આપી તેમની આંક–૫ થી પ્લી લેતાં તેમણે ગુનો કબુલ કર્યાનુ સ્વેચ્છાએ સ્વીકાર કરી ગુના કબૂલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓને ઓછી સજા અને દંડ કરવા પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ જણાવવા અને

સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

(૩) આરોપીની આંક–૬ ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની/ મોટી ઉંમરનો ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબનો એકમાત કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સમક્ષ નથી તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે તથા કુટુંબના સભ્યોમાં બીમારી છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભો ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચીત માનું છું.

(૪) નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. અને સદરહુ ચુકાદાના પાન નંબર ૭૨૧ ઉપર પેરા ૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસનુ મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હુ નમ્રપણે માનું છું અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>આખરી હુકમ</u>**

- આ કામના આરોપી ને બી.એન.એસ.એસ. – ૨૦૨૩ ની કલમ – ૨૫૨ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ –૬૬ (૧) બી મુજબ ના ગુનામા તકસીરવાર ઠરાવી દરેક ગુનામાં અનુક્રમે રૂા ૧૦૦/– અંકે રૂા. એક સો પુરાનો દંડ અને કોર્ટ ઉઠતાં કતાં સુધીની સજા કરવા હુકમ કરવામાં આવે છે.

- જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દરેક ગુનામાં દિન–૧ (એક) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

- જો આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય તો તે દિવસો બી.એન.એસ.એસ. – ૨૦૨૩ ની કલમ – ૨૯૭ મુજબ બાદ આપવા.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજનો નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૯/૨૦૨૪
સ્થળ :– વડોદરા.

**(બકુલકુમાર મણીલાલ રાજ)**
બીજા એડીશ્નલ સીવીલ જજ અને જયુડી. મેજી.ફ.ક.,
વડોદરા. જજ કોડ – જીજે ૦૧૪૬૨

પાવતી નં. ................
રુપિયા ૧૦૦/– (અંકે રુપીયા એક સો પુરા)
તા. ૧૪/૦૯/૨૦૨૪

નાઝર
ચીફ જયુડી.મેજી.કોર્ટ,
વડોદરા.